


## સલામી સવારની..

આઈપીએલ ધનપતિ ખર્ચે નાણાં પાણી-પાણી...
બગાડે પીચ પર જીવન જરૂરી પાણી-પાણી...
મહારાષ્ટ્રમાં દુષ્કાળે, પ્રજા પોકારે પાણી-પાણી...
કોર્ટ ઠપકારે, સરકારી આબરૂ પાણી-પાણી...

**હાઈકુ**

ફૂટયો 'બીગ' બી -
દંભનો પરપોટો -
ઉંચો છે છોટો...

અડવાણીજી...
એકલા ને અટૂલા -
ડૂબ્યા શોકમાં...

## ચિંતન

**સહસા વિદધીત ન ક્રિયાં અવિવેકઃ પરમ્ આપદામ્ પદમ્ ।**

વગર વિચાર્યે, એકદમ કોઈ કામ કરવું નહિં, કેમ કે અવિવેક મોટી મુશ્કેલી ઊભી કરે છે.

ગુજરાતીમાં કહેવત છે કે 'વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય' જે નિર્ણય આપણે કરીએ જે કાંઈ આપણે કાર્ય કરીએ, તે કરતાં પહેલાં ખૂબ વિચારવું જોઈએ. ઉતાવળ કરી જે કામ કરવામાં આવે છે તેમાં ભલીવાર હોતો નથી અને કર્તાને ખૂબ પસ્તાવાનો વારો આવે છે. વગર વિચાર્યે કામ કરવાથી મહામુસીબતમાં આપણે ફસાઈએ છીએ...

આજના યુગમાં 'આયોજન' નું ખૂબ જ મહત્ત્વ છે. કથાનું આયોજન હોય કે ઘરમાં લગ્ન પ્રસંગ હોય તો પણ અલગ-અલગ કામ માટે 'સમિતિઓ' બનાવી જવાબદારી સોંપવામાં આવે છે આને 'આયોજન' કહેવાય દેશના વિકાસ માટે 'યોજનાઓ' થાય છે.

વગર વિચાર્યે કોઈ પણ કામ સફળ થતું નથી. વિવેકપૂર્ણ વિચાર એ સફળતાની સીડી છે.

## સુવિચાર

- સુખમાં રહું વૈરાગ્યથી દુઃખમાં રહું સમતા ધરી...
  પ્રભુ આટલું જનમોજનમ દે જો મને કરૂણા કરી - **ધર્મલોક**
- ઝુકતે વોહી હૈ, જીનમેં જાન હોતી હૈ... અકડતે વોહી હૈ, જો બેજાન હોતે હૈ... - **નવનીત**
- પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા...
  મરજી મુજબની પણ થોડી મજા હોવી જોઈએ - **દિલીપ રાવલ**
- મનમાં ઓછું લાવીએ શી વાતનું.... જીંદગી છે નામ ઝંઝાવાતનું... - **મકરંદ દવે**
- પ્રમાણિકતાને કોઈ જ નિયમ કે કાયદાની જરૂર પડતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- અંગત વ્યક્તિ ઈન્જેકશન જેવા હોય છે... જે કયારેક દુખાવો આપે પણ એની પાછળનો એનો હેતુ તમને સાજા કરવાનો હોય છે - **ડો. ભચેચ**
- આજનું ઔષધ : અગથીયાના પાનની ભાજીનું શાક ખાવાથી રતાંધળાપણામાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આજકાલ ધનપતિઓ દાન કરતા હોય છે તેમાં પણ તેમનાં અનેક છૂપા હિત સમાયેલા હોય છે, કરચોરી, નામના, પ્રતિષ્ઠા વગેરે...

ભગવાન જીસસ અનુયાયીઓ સાથે દેવળમાં બેઠા હતા. દેવળમાં પ્રાર્થના પછી રવિવારે ઘરે જતાં પહેલાં દાનપેટીમાં ભેટ મૂકવાનો રિવાજ છે.

ઘણા લોકો એવી રકમનું દાન કરતા હોય છે.

એક ગરીબ સ્ત્રી આવી, અને દુપટ્ટાના છેડે બાંધેલો એક રૂપિયો, ગાંઠેથી છોડ્યો - ક્ષોભ તો હતો જ લઘરવગર કપડાં હતા - મહાનુભાવો બેઠા હતા - ત્યાં હાથમાંથી રૂપિયો પણ પડી ગયો - સ્ત્રીએ તે ઉપાડી દાન પેટીમાં નાખ્યો. એક અનુયાયીના ચહેરા પર જીસસે મશ્કરીજનક ભાવ જોયો તેથી કહ્યું :

'ધનવાનો તો પોતાનું વધારાનું નાણું દાન કરે છે જયારે આ સ્ત્રીએ પોતાના એક ટંકનું નાણું આજે દાન આપ્યું એ શ્રેષ્ઠદાન છે.'

# 'બિન પાની સબ સૂન' : અદાલતનો 'પાણી-પ્રકોપ'

**તંત્રીસ્થાનેથી...**

આમ જુઓ તો અદાલતો જ હવે કોમનમેનનો અવાજ બની રહી છે. ભીષ્મ પિતામહની જેમ પોતે દ્રૌપદીની લાજ લૂંટાતી જોઈ નહીં શકે, કારણ કે એમણે કોઈ કુરુવંશની રખેવાળી કરવાની નથી, એ દેશના નાગરિકો પ્રત્યે પ્રતિબદ્ધ છે, પ્રજાજનોની પીડા જોઈને એ મૌન નહીં રહી શકે. મુંબઈમાં આઈપીએલ મેચ નિમિત્તે લાખો લિટર પાણી વેડફાતું રહે અને મહારાષ્ટ્રની પ્રજાને પીવાના પાણીના સાંસા હોય એ તે કેવો ન્યાય! સુપ્રીમ કોર્ટે અને બોમ્બે હાઈકોર્ટે એક જ સૂરમાં કેન્દ્ર અને રાજય સરકારોનો ઊધડો લઈને દષ્ટાંતરુપ કામગીરી બજાવી છે. અમે અહીં પિકનિક માણવા નથી આવ્યા - એ મતલબનું આકરું નિવેદન કરીને અદાલતે પ્રજા તરફની ન્યાયપાલિકાની પ્રતિબદ્ધતાની ખાતરી કરાવી છે. દસ રાજયો દુષ્કાળનો સામનો કરી રહ્યાં હોય ત્યારે પ્રજાની પીડા તરફ આંખ આડા કાન કરવાની સરકારી સ્ટાઈલ સામે અદાલતનો આ ધ્રુજારો 'બિટવિન ધિ લાઈન્સ' કેટલું બધું કહી જાય છે! કેન્દ્રીય પ્રવકતામંત્રી વેંકૈયા નાયડુને વીલે મોઢે એવું કહેવું પડ્યું કે દુષ્કાળ તો ઈશ્વરની દેણ છે અને પાણીનો પ્રશ્ન ઉકેલવો તે રાજયોનો વિષય છે. અદાલત આવા ઢીલા જવાબથી સંતુષ્ટ ન થાય તે સ્વાભાવિક છે. કેન્દ્ર અને રાજયો વચ્ચેના વિવાદમાં લોકો તરસે મરી જાય તે ન જ ચાલે. બોમ્બે હાઈકોર્ટે મુંબઈમાં યોજનાર આઈપીએલ મેચ અટકાવી નથી પરંતુ બીસીસીઆઈ માટે સરકાર છુટ્ટા હાથે લાખો લિટર પાણી વેડફી રહેલ છે, ત્યારે રાજયોમાં પાણીનું સંકટ હોય ત્યાં આવી મૅચોનું આયોજન કરવાને બદલે જયાં ભરપૂર કે પૂરતા પ્રમાણમાં પાણી હોય એવાં રાજયોમાં મૅચો યોજાવી જોઈએ. રહીમે સાચું જ કહ્યું છે : પાણી વગર બધું જ શૂન્ય છે. જળ એ જીવન છે. દુષ્કાળ ફકત ગામડામાં જ નથી પડ્યો. પાણીની સમસ્યાએ શહેરને પણ ભરડો લીધો છે. પીવાના પાણીના સંકટ વચ્ચે બીસીસીઆઈ અબજોના ખર્ચે આઈપીએલની મૅચો યોજી રહી છે, જેને માટે સરકાર જોઈએ તેટલું પાણી ઢોળી નાખવા તૈયાર છે. મરાઠવાડામાં લોકો ટીપું પાણી મેળવવા તરસી રહ્યા છે ત્યારે સ્ટેડિયમો માટે લાખો લિટર પાણી શી રીતે ફાળવી શકાય છે? અદાલતે રાજય સરકારને આ મુદ્દે કઠોર પ્રશ્નો કર્યા છે. લોકોને પીવાનું પાણી પૂરું પાડવામાં ઠાગાઠૈયા કરતું કોર્પોરેશન માતેલુતાજારોના રમતશોખ પોષવા માટે ખડે પગે તૈયાર રહે છે, તેની વિરુદ્ધ કરાયેલ જનહિત યાચિકાની સુનાવણીમાં અદાલતે કોર્પોરેશનને એની પ્રાયોરિટી - પ્રાથમિકતા કે અગ્રતા કઈ છે તે જણાવવા કહ્યું છે. શું તેની ફરજ આમ જમતાની તરસ બુઝાવવા માટે ઉપલબ્ધ પાણીનો જથ્થો પ્રજા તરફ વાળવાની નથી? આવા સવાલો પૂછીને અદાલતો ખરેખર પ્રજાની પડખે ઊભી હોવાનો દેખાવ જરુર કરે છે પરંતુ જે 'ખૂની ભપકા' પાછળ પ્રજાના હકનું પાણી વેડફાઈ રહ્યું છે એના પર પ્રતિબંધ લાદીને દાખલો બેસાડી શકતા નથી, તે પણ કેવી વિડંબના છે! પ્રજાને ચાર દિવસે એક વાર પાણી અપાય છે જયારે એક મેચ પાછળ ગ્રાઉન્ડ મેઈન્ટેનન્સ માટે ૩ લાખ લિટર પાણી વપરાય છે. દુષ્કાળગ્રસ્ત મહારાષ્ટ્રનાં ત્રણ મોટા શહેરોમાં આવી ૨૦ મેચો રમાવાની છે!

# એ લોકશાહી કાંઈ ઘેટાંશાહી નથી!

**મનપા ચૂંટણી સમયે ગાંધીના લોકશાહી વિચારોનું ચિંતન**




*ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના વર્તમાને ગત સપ્તાહના લેખ પછી આજના અંકમાં પણ ગાંધી બાપુના લોકશાહી સંદર્ભેના અને સંબંધેના વિચારોની વાત કરવી છે.*

*સાચી નીતિમત્તા વિના સારી લોકશાહી સંભવે જ નહિ એમ ગાંધીએ શીખવ્યું છે. હિંસાનો કોઈ પણ પ્રકાર કે આવિર્ભાવ લોકશાહી માટે વર્જ્ય છે. સહિષ્ણુતા અને ઉદારતા વડે લોકતંત્રને ઓપ મળે છે. સાધ્ય સારું હોય પણ સાધનો શંકાસ્પદ હોય તો લોકશાહીમાં તે નહીં ચાલે. લોકશાહીમાં દરેક માણસની - નાનામાં નાના પુરુષની અને અદનામાં અદની સ્ત્રીની - ગણતરી અને મૂલ્યવત્તા છે. બધા માણસો એક માનવ કુટુંબના સભ્યો છે. એવી ભાવના વડે લોકશાહી સમાજ અને તંત્ર રંગાયેલા રહેવા જોઈએ. દરેક સામાન્યજન પોતે પોતાને વિધાતા અને ઉદ્ધારક છે એવી સમજણ લોકશાહીની છે. વ્યક્તિનું સન્માન અને સ્વાતંત્ર્ય એના પોતાના હાથમાં છે.*

*બંધારણ અમલમાં આવ્યું એ પહેલા ગાંધીજી સદેહે આપણી વચ્ચે ન હતા. પરંતુ એમના લોકશાહી વિચારોનો પડઘો બંધારણમાં અવશ્ય ઝીલાયો છે એમ લોકશાહી અંગેની તેમણે કહેલી એક વાતમાં સ્પષ્ટ થાય છે...એકવડીયા બાંધાના ગાંધીએ કહ્યું છે કે, દરેક વ્યક્તિ શરીરે ગમે તેટલી નબળી હોય તો પણ, પોતાના સ્વમાન અને સ્વાતંત્ર્યની સંરક્ષણ છે એવી પાકી સમજ જો સહુ માનવીઓને ગળે ઉતારી શકું તો મારું કાર્ય સફળ અને પૂરું થયું ગણીશ.*

*ગાંધીજીએ ફરી ફરીને એક વાત પર ભાર મૂક્યો છે કે દરેક વ્યક્તિની અંગત ગુણવત્તા અને આંતરિક શક્તિ પર સ્વરાજયનો આધાર રહેલો છે. લોકશાહીની આ બુનિયાદી વાત છે. 'સ્વ' ઉપર રાજય કરી શકે એવા સ્ત્રી-પુરુષો જ સ્વરાજય માટે અને લોકતંત્ર માટે લાયક બને છે. લોકશાહી કાંઈ ઘેટાંશાહી નથી! લોકો ગાડરિયા પ્રવાહમાં તણાય એ નહીં ચાલે.*

*લોકશાહીનો સાર ગાંધીજીના શબ્દોમાં કહીએ તો : 'પ્રજાનું સ્વરાજ એટલે પ્રત્યેક વ્યક્તિના સ્વરાજમાંથી ઉત્પન્ન થયેલું પ્રજાસત્તાક રાજય.' ગાંધીજી તો વારંવાર કહેતા 'સાચી લોકશાહી કેન્દ્રમાં (અહીં મ્યુનિસિપલ કોર્પોરેસન!) બેઠે બેઠે રાજવહીવટ ચલાવનાર વીસ માણસો નહીં ચલાવી શકતા, ઠેઠ ને નીચેની હરેક ગામના (સેકટરના!) લોકોએ ચલાવવી રહેશે.'*

*કટોકટી સમયે સંસદમાં સતત લોકશાહી માટે ઈન્દિરા ગાંધી સામે વૈચારિક લડી કરતા રહેલાં એવા કર્મઠ સંસદસભ્ય પ્રો. પુરુષોત્તમ માવળંકરે લોકશાહી અંગે ગાંધીજીએ કરેલી વાતને જોવા જેવી છે. હેરલ્ડ લેસ્કીના શિષ્ય અને રાજનીતિ વિજ્ઞાનના પ્રોફેસર માવળંકર સાહેબ લખે છે :*

*"ગાંધીજી આ બધી શિખામણ આમ તો જૂની અને જાણીતી છે. પરંતુ આજના સમયમાં એ આપણે નવેસરથી અને નિર્ભયતાથી ફરી યાદ કરવાની છે, તથા આપણા આચાર-વિચારમાં એ ઉતારવાની છે. લોકશાહી જીવન અને રાજયવ્યવસ્થા અંગેનો સમગ્ર માનવજાતનો આજ લગીને અનુભવ નિચોડ ભારતની વર્તમાન પેઢીઓએ જાણવાનો છે, જોવાનો છે, તપાસવાનો છે. પણ સ્વરાજના જતન અને સંવર્ધનનું આ પુણ્યકાર્ય આપણે કરીએ ત્યારે ગાંધીજીએ એક જ વાક્યમાં સચોટ રીતે રજૂ કરેલી ભાવના કદી ન ભૂલીએ કે 'મારે ઘણી નવી ચીજો લખવી છે. પણ તે બધી ભારતીય પાટી પર જ લખવી જોઈએ."*

*સંદર્ભ : લોકશાહી, જાહેર જીવન, સામાન્ય ચૂંટણી, લેખ : ગાંધીજી અને લોકશાહી, લે. પુ. ગ. માવળંકર પૃ.૧૫, ૨૧.*

(લેખક : ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# પર્સન્ટાઈલને પર્સન્ટેજથી થાય અમારું મૂલ્યાંકન, માણસ છીએ કે મશીન અમે, કોણ નક્કી કરવાનું?






બોર્ડની પરીક્ષા આપતાં વિદ્યાર્થીના ઘરનો સામાન્ય સંવાદ : ''કોર્સ બે વાર તો પૂરો થવો જ જોઈએ. બે પેપર વચ્ચે એક દિવસની રજા આવે છે. એ... તો.... ઊંઘ ઓછી કરવી પડે. પરીક્ષા વારંવાર નથી આવવાની !! અને તું જ એકલી પરીક્ષા નથી આપતી. ગુજરાતભરમાંથી લાખો વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપે છે અને રેન્ક લાવે છે.''

ખૂબ જ સામાન્ય લાગતા આ સંવાદની પાછળ વ્યકિતગત અત્યાચારના બીજ પડેલા હોય તે અનુભવી શકાય તેમ છે. અભ્યાસક્રમ પૂરો કરવાનો કારણ.... મા-બાપનું દબાણ તો ખરું જ. સાથે સાથે ઊંચો રેન્ક લાવવાની અપેક્ષાઓના ભાર તળે વિદ્યાર્થી દબાતો જાય છે. તેની સ્વતંત્રતા છીનવાતી જાય છે અને 'અવ્વલ' આવવાનો બોજ વધતો જાય છે. આ સંદર્ભે કવિ પ્રકાશ પરમાર વિદ્યાર્થીની વ્યથા આ રીતે વ્યકત કરે છે. સાંભળો :

ઘડિયાળના કાંટા પકડી કાયમ દોડતા રહેવાનું
ટયુશન, સ્કૂલ લેશન વચ્ચે ભૂલી જવાનું રમવાનું
પર્સન્ટાઈલને પર્સન્ટેજથી થાય અમારું મૂલ્યાંકન
માણસ છીએ કે મશીન અમે,કોણ નકકી કરવાનું ?

આજનું શિક્ષણ અને વિદ્યાર્થીની પરિસ્થિતિ કાંઈક આ મુજબ છે : કૌરવોની સભા વચ્ચે વિદ્યાર્થી ઊભો છે. આપણે સૌ લાચાર બનીને બધો ખેલ નિહાળી રહયા છીએ. કોઈ વિકર્ણ બનવાની કોશિશ કરે છે તો તેને સભા બહાર હાંકી કાઢવામાં આવે છે. 'મૈં વીવશ હું' ની ભૂમિકામાં સૌ વાલીઓ, શિક્ષણ તજજ્ઞો આવી ગયેલા નજરે પડે છે.સમાજમાંથી કોઈનાથી કાંઈ જ થઈ શકતુ નથી. બધા સમસમીને તમાશો જોઈ રહયાં છે. વિકર્ણવૃત્તિ નામશેષ થઈ ગઈ છે. ખલાસ થઈ થયેલી વિકર્ણવૃત્તિનો જીર્ણોધ્ધાર એ આજના સમયની માંગ છે.

બોર્ડની પરીક્ષા જીવનની છેલ્લી પરીક્ષા હોય એમ વિદ્યાર્થીને સલાહ-સૂચન આપતાં વાલીઓની દયા જ ખાવી રહી ! આ ઓછું હોય તેમ આડોશી-પાડોશી અને સગા-વહાલાં કેટલીક ટીપીકલ ટીપ્સ આપીને બાકી રહેતુ હોય તે બધું પૂરું કરતાં હોય છે. બિચ્ચારો વિદ્યાર્થી !!!

વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય એ શિક્ષણનો હેતુ રહેલો છે. જે. કૃષ્ણમૂર્તિ સ્પષ્ટપણે લખે છે કે ''ભયમુકત અને સ્પર્ધામુકત બનાવે તે કેળવણી''. આજના શિક્ષણમાં ડર અને સ્પર્ધા સિવાય બીજુ કાંઈ દેખાય છે ખરું ? નવી શિક્ષણનીતિની તાસીર કેવી હશે ? કૃષ્ણમૂર્તિએ સૂચવેલા વિચારોને ધ્યાનમાં લેવાશે ? નવી શિક્ષણનીતિમાં ભયમુકત અને સ્પર્ધામુકત શિક્ષણની ખુલ્લી હવામાં વિદ્યાર્થી શ્વાસ લઈ શકશે ?

કેળવણીકારો કહે છે કે વિદ્યાર્થીને ભણાવશો નહિ માત્ર વાતાવરણ પૂરું પાડો કે જેથી તે જાતે ભણી શકે. આજની શૈક્ષણિક સંસ્થાઓ સ્વયં અધ્યયનનું ભાવાવરણ આપી શકી છે ખરી? વિદ્યાર્થી જાતે વિચારતો ને પ્રશ્નો પૂછતો થાય એ શિક્ષણનો મહત્ત્વનો હેતુ છે. આ હેતુ બર આવ્યો છે ખરો ?

પૂર્વ રાષ્ટ્રપતિ અને વિચારક ડૉ. ઝાકીરહુસેને એક સભામાં કહેલું કે - ''શિક્ષણમાં રાજકારણ ભળે તેના કરતાં રાજકારણમાં શિક્ષણ ભળવું જોઈએ.''

શાળા-કોલેજમાં જવાની મજા પડે. અને ઘરે રહેવાની સજા પડે. તો શિક્ષણનો હેતુ બર આવે. શિક્ષણમાંથી જો ભય દૂર કરી શકાય તો પણ મોટું કામ થયું કહેવાશે. કેટલાક શિક્ષણના ભેખધારી શિક્ષકો આ ઉત્તમ કામ કરી રહયાં છે. વિદ્યાર્થી જાતે તૈયાર થાય, જાતે પ્રશ્નપત્ર રચે ને નિરીક્ષક વગરના વર્ગખંડમાં પ્રામાણિકતા પૂર્વક પેપર લખે છે. કેટલાક નીમપાગલ શિક્ષકો વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે મથી રહયાં છે. સ્થળ કાળની ચિંતા કર્યા વગર વિદ્યાર્થીમાં વિકર્ણવૃત્તિ કેળવાય તે માટે મચી પડતાં આ શિક્ષકો સરકારી એવોર્ડના મહોતાજ નથી હોતા. આવા કેટલાક નીમપાગલ શિક્ષકોના પરિશ્રમને કારણે જ શિક્ષણનું સત્વને તત્વ જળવાઈ રહયું છે. આવા શિક્ષકોને સો સો સલામ !!! કવિ ઉમાશંકર ની ક્ષમાયાચના સાથે - હે વિદ્યાર્થી તુ ભયમુકત થાય તો ય ઘણું ! (નીમપાગલ શિક્ષકોને મળવા જેવું ખરું.) તમે છો ?

**ઘડિયાળના કાંટા પકડી કાયમ દોડતા રહેવાનું**
**ટયુશન, સ્કૂલ લેશન વચ્ચે ભૂલી જવાનું રમવાનું**
**પર્સન્ટાઈલને પર્સન્ટેજથી થાય અમારું મૂલ્યાંકન**
**માણસ છીએ કે મશીન અમે,કોણ નકકી કરવાનું?**

**મિસરી**

**સારું નરસું એવું શું ગજવે ભરવાનું?**
**ફરવા આવ્યા છો અહીંયા તો બસ ફરવાનું!**
**એક જ પળ માટે સામેની બારી ખુલે,**
**એના માટે આખો દા'ડો તપ કરવાનું?**

**- 'સ્નેહી પરમાર'**


# ગઈલે તારું ગાન, સૂરની પાંખે ઉરના ભાવો ઉડવા દે આસમાન




*વૃત્તસંચય*

- *ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ દ્વારા તા.૯મી એપ્રિલ, ૨૦૧૬, શનિવારના રોજ સાંજના ૬.૦૦ વાગે 'ગઈલે તારું ગાન, સૂરની પાંખે ઉરના ભાવો ઉડવા દે આસમાન' એ શીર્ષક હેઠળ અમર ભટ્ટ દ્વારા કબીર, દયારામ, રાજેન્દ્રશાહ, અમૃત ઘાયલ, વેણીભાઈ પુરોહિત અને ચંદ્રકાન્ત શેઠ જેવા કવિઓની કૃતિઓના તાજાં સ્વરાંકનોની પ્રસ્તુતિ કરવામાં આવશે.*
- *રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામમાં અગ્રણી રહીને નેતૃત્વ કરનાર ગંગાબહેન પટેલ (૧૮૯૦-૧૯૭૨) ની સ્મૃતિમાં, ગુજરાતી સાહિત્યક્ષેત્રે કરેલા વિશિષ્ટ પ્રદાન માટે અપાતું "ગંગાબહેન પટેલે સારસ્વતી સન્માન" પ્રસિદ્ધ નવલકથાકાર અને કવિ શ્રી ધ્રુવ ભટ્ટને તા. ૧૫ એપ્રિલ, ૨૦૧૬ને શુક્રવારે ૫.૦૦ વાગે ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ ખાતે અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે રઘુવીર ચૌધરી, ધીરુબેન પટેલ અને કુમારપાળ દેસાઈ વકતવ્ય આપશે.*
- *ઈ.સ. ૨૦૧૫નો 'કુમાર' સુવર્ણચંદ્રક હર્ષ બ્રહ્મભટ્ટને તેમનાં કાવ્યો માટે આપવામાં આવશે.*
- *ઈ.સ. ૨૦૧૫નું 'કુમાર' લેખિકા પારિતોષિક (શ્રીમતી કમલા પરીખ પારિતોષિક) કવયિત્રી રક્ષા શુક્લને તેમના કાવ્યો 'પરોઠનું સ્વપ્ન' માટે આપવામાં આવશે.*
- *'કુમાર' આદ્યાત્મિક પારિતોષિક - ૨૦૧૫ (અરવિંદભાઈ ચીમનભાઈ પારિતોષિક) હરીશ મીનાશ્રુને તેમના કાવ્યકૃતિ 'ગુરુ મળ્યા' માટે આપવામાં આવશે.*
- *ગુજરાતના અગ્રણી સમર્પિત સમાજપુરુષ ચીનુભાઈ વૈદ્યની પ્રથમ પુણ્યતિથિએ "અગ્નિપુષ્પ" સુંદરસમૃદ્ધ સ્મૃતિગ્રંથનું પ્રકાશન, સં. કેતન રુપેરા, પ્ર. ગુજરાત લોકસમિતિ ગાંધી આશ્રમ, અમદાવાદ-૨૭ દ્વારા કરવામાં આવ્યું છે. સ્વ. ચુનીકાકાની દીર્ઘ સેવામય યાત્રાની તપસીલ તેમના સંપર્કમાં આવેલા મહાનુભાવોના સુંદર પ્રેરક સંસ્મરણ લેખો, તેમજ તેમનાં પોતાના કેટલાક દસ્તાવેજી લેખો આમાં સંગૃહિત છે. જીવન, સુમિરન અને મંથન એમ ત્રિ-ધારામાં સમગ્ર ગ્રંથને સજાવ્યો છે. પ્રકાશભાઈ ન. શાહે તેનું સમુચિતતાત્ત્વિક સુંદર મુખડું બાંધી આપ્યું.*
- *પ્રિયદર્શિની એકેડમી દ્વારા સાહિત્ય ક્ષેત્રના એવોર્ડ આપવા માટે ૮મી માર્ચ, ૨૦૧૬ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના પ્રખર સાહિત્યકાર રાધેશ્યામ શર્માને "ચંદાબેન મોહનભાઈ પટેલ એકેદમી ગુજરાતી લિટરરી એવોર્ડ" આપી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રિયદર્શિની એકેડેમીના વડા નિરંજન હીરાનંદાની, સિનેતારિકા જુહી ચાવલા, ભૂતપૂર્વ પ્રમુખ નાનીક રૂપાણી અને ગુજરાતી ભાષાના સાહિત્યકાર ડો. યશવંત ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.*
- *પદ્મશ્રી અને રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા સાહિત્યકાર ગુણવંત શાહને આ વર્ષનો ગુજરાતી સાહિત્ય માટેનો લોઈફટાઈમ એચિવમેન્ટ માટેનો ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત સર્વોચ્ચ એવોર્ડ "સાહિત્ય રત્ન" આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ સાહિત્ય એવોર્ડ એક લાખ એકાવન હજારની ધનરાશિ સાથે અર્પણ કરવામાં આવશે. ગુણવંત શાહે વેદ, ઉપનિષદ અને પુરાણો વિષે પુષ્કળ લખ્યું છે.*
- *'સર્જક સેતુ'ના સંપાદક રવજીભાઈ કાચાને તેમના વાર્તાસંગ્રહ "ડાયનાસોરની સવારી" માટે ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી સને ૨૦૧૨નું પારિતોષિક આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. તેઓશ્રીને "વડદાદાની ધર્મશાળા" માટે 'સ્મિતા પારેખ એવોર્ડ' પ્રાપ્ત થયેલ છે.*
- *શ્રી ગોરધન ભેંસાણિયાને તેમના વાર્તાસંગ્રહ 'પડથારો' માટે 'શ્રી નાનાભાઈ જેબલિયા સ્મૃતિ એવોર્ડ' પ્રાપ્ત થયો છે. શ્રી ભેંસાણીયાનો મુકામ ગ્રામ્યપ્રદેશમાં છે અને તેઓ તળબોલીના માહેર છે. અને તેમની શૈલી સરળ અને કૃતિના મૂળ સુધીની તલાશ એ એમના લેખકનો અભ્યાસ રહ્યો છે.*
- *૫૧મો જ્ઞાનપીઠ એવોર્ડ ગુજરાતી સર્જક શ્રી રઘુવીર ચૌધરીને મળ્યો. ગુજરાતી ભાષામાં કવિ-સાહિત્યકારોને અગાઉ આ એવોર્ડ ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ અને રાજેન્દ્ર શાહને મળી ચૂકેલ છે. શ્રી રઘુવીર ચૌધરી આ એવોર્ડ મેળવનાર ચોથા છે. જ્ઞાનપીઠ એવોર્ડમાં રૂા. ૧૧ લાખ તેમજ તામ્ર પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે. આજ સુધીમાં સૌથી વધુ જ્ઞાનપીઠ એવોર્ડ હિન્દી ભાષાને (૧૦) દસ મળ્યા છે. વર્ષ ૨૦૧૪નો જ્ઞાનપીઠ એવોર્ડ મરાઠી સર્જક ભાલચંદ્ર નેમાડેને મળ્યો હતો. મહિલા સર્જકોમાં અમૃતા પ્રિતમ, મહાદેવી વર્મા, કુર્તલૈન હૈદર, મહાશ્વેતા દેવી, ઈન્દિરા ગોસ્વામી તેમજ પ્રતિભા રાયે જ્ઞાનપીઠ એવોર્ડ મેળવ્યાં છે.*

*હૃદયાંજલી*



- *કેનેડા નિવાસી અને ગાંધીનગરના ખ્યાતનામ સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્યના સભ્ય જય ગજજરનું તા.૩૧.૩.૨૦૧૬ના રોજ થયેલ દેહાવસાનથી ગુજરાતી સાહિત્યને મોટી ખોટ પડી છે. તેમણે ભાવભીની હૃદયાંજલી.*

-muljibhaidadhi@gmail.com